| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૦૧ | ૦૧ | ૨૦૨૧ |
| દાખલ તારીખ : | ૦૧ | ૦૧ | ૨૦૨૧ |
| ફેસલ તારીખ : | ૩૧ | ૦૩ | ૨૦૨૨ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૦૦ | ૦૩ | ૦૧ |

## જુનાગઢનાં મહે. કામદાર વળતર ધારાનાં કમિશ્નરશ્રી

## એ.એમ.શેખ સાહેબ સમક્ષ, મુ.જુનાગઢ કેમ્પ પોરબંદર

**વ.કો.પરચુરણ(ડીલે) અરજી નં.૧/૨૦૨૧**

**આંક–૨૦**

**અરજદાર:–** ભરતકુમાર કૃષ્ણલાલ રાજયગુરૂ,
રહે. છાયા, ક્રીષ્ના પાર્ક,
અંબિકા સ્કુલ પાસે, પોરબંદર

**:: વિરુધ્ધ ::**

**સામાવાળા :–** અમર પોલીફાઈલ્સ પ્રા.લી.,
સર્વે નં.૨૫૮/૨, છાયા નેશનલ હાઈવે,
એરપોર્ટ સામે, પોરબંદર

**બાબત: વળતર અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા અરજી...**

..........................................................................

અરજદાર તરફે : વિ.વ.શ્રી ડી.એમ.કવૈયા
સામાવાળા તરફે : વિ.વ.શ્રી એમ.એમ.તન્ના

..........................................................................

**– : : હુ ક મ : : –**

(૧) અરજદારની અરજીની ટુંકમા હકિકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં નેટ પ્લાન્ટમાં માસિક રૂા.૧૪,૭૫૦/– થી સતત અને સળંગ લાંબા સમયથી ફરજ બજાવતા હતા અને તે રીતે કામદાર માલીકના સબંધ સ્થાપિત થયેલા. વધુમાં અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૩૦/૦૮/૨૦૧૨ ના રોજ નેટ પ્લાન્ટમાં રાતના ૨/૩૦ વાગ્યે ફરજ પર હતા ત્યારે ફીશીંગ ટવાઈનની બેગ તેમના પર પડતા ગંભીર ઈજા થતા સારવાર અર્થે સામાવાળા હોસ્પિટલમાં લઈ ગયેલા. વધુમાં અરજદારે અકસ્માતમાં થયેલ ઈજા અંગે સામાવાળા પાસે વળતરની વારંવાર માંગણી

કરતા સામાવાળાએ જણાવેલ કે તેઓ વ.કો.એકટ હેઠળ વીમા પોલીસી ધરાવે છે અને તે અંગેની કાર્યવાહી ચાલુ છે જે પુરી થયે વળતરની રકમ ચુકવી આપશે. અરજદારને ૨૦૧૫ થી ESIC તરફથી સારવાર વગેરેની રકમ મળેલ પરંતુ ૨૦૨૦ બાદ ESI ના લાભ મળશે નહી તેમ જણાવેલ જે અંગેની જાણ સામાવાળાને કરતા સામાવાળાએ વળતરની રકમ ચુકવવા ઈન્કાર કરેલ. એ રીતે અરજદારે સામાવાળા ઉપર વિશ્વાસ રાખેલ અને અરજદાર કાયદાથી અજ્ઞાત હોય, વળતર અરજી દાખલ કરવા અંગેની સમય મર્યાદાની જાણ ન હોય તેમજ અકસ્માતના કારણે ઓચિંતા માનસિક દુ:ખત્રાસ આવતા તેમજ આર્થિક બોજો આવતા માનસિક સંતુલન ગુમાવેલ હોય, વળતરની અરજી દાખલ કરવામાં ૨૩૧૦ દીવસનો વિલંબ થયેલ છે. જેથી હાલની અરજી લાવી અરજ ગુજારેલ છે કે, હાલનો કેસ લાવવામાં થયેલ ૨૩૧૦ દીવસનો વિલંબ માફ કરી, વ.કો.કેસ રજીસ્ટરે લેવા હુકમ કરવા અરજ કરેલ છે તેમજ અરજીના સમર્થનમાં આંક-૨ થી સોગંદનામું રજુ છે.

(૨) વધુમાં, આ કામે અરજદારની અરજી પરત્વે સામાવાળાને આંક-૪ થી અત્રેની કોર્ટથી નોટીસ ઈસ્યુ કરતા, સદરહું નોટીસ સામાવાળાને ધારાસર બજી જતાં, આ કામે સામાવાળાએ તેમના વકીલ મારફત હાજર થઈ આંક-૯ થી વાંધા જવાબ રજુ કરી અરજદારની અરજીની મહદ અંશની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે અરજદારની અરજી ખરી, શુધ્ધબુધ્ધિની કે કાયદેસરની ન હોય તથા અરજદારે અરજીમાં મહત્વની અને અગત્યની હકીકતો છુપાવેલ હોય, અરજી રદ થવા પાત્ર છે. સામાવાળા સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીઓને એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન હેઠળ આવરી લેવાયેલ સંસ્થા છે અને સંસ્થાના કર્મચારી કે કામદારને કોઈ અકસ્માત થાય તો તે અંગે તેઓ ઈએસઆઈ કોર્પોરેશન સમક્ષ દાદ માંગી શકે. જેથી સામાવાળા સંસ્થાને વ.કો.એકટ લાગુ પડતો ન હોય, હાલની અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી. વધુમાં અરજદારે હાલની અરજી કયા કાયદા હેઠળ, કેટલા દીવસો બાદ કરી વિલંબની ગણતરી કરેલ છે તેની કોઈ સ્પષ્ટતા અરજદારે અરજીમાં કરેલ નથી. વ.કો. એકટ હેઠળ કોઈપણ અકસ્માત થયાથી

બે વર્ષમાં અરજદાર અરજી કરી શકે જયારે હાલના કેસમાં અરજદારે ૨૩૮૦ દીવસથી વધારે દીવસો બાદ હાલની અરજી કરેલ હોય, રદ થવા પાત્ર છે. વધુમાં અરજદારે અરજીની તમામ બાબતો પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી સમક્ષ સ્પષ્ટપણે સાબીત કરવી જોઈએ. અરજદારે કયારેય પણ અકસ્માત અંગેના કોઈ લેખિત દસ્તાવેજો કે નોટીસ કે અન્ય કોઈ લેખિત કે મૌખિક માંગણી કરેલ ન હોય તેમજ આવો કોઈ અકસ્માત સામાવાળા સંસ્થામાં બનેલ ન હોય, હાલની અરજી ખોટી રીતે દાખલ કરેલ છે. એ રીતે અરજદાર ધ્વારા જે વિલંબ અંગેના કારણો જણાવવામાં આવેલ છે તે યોગ્ય અને વાજબી નથી.જેથી અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની હાલની અરજી રદ થવા પાત્ર છે.

(૩) આ કામે અરજદાર તરફે તેમની આંક-૧ની અરજી સાથેની મુખ્ય અરજી સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જે હાલની અરજીના કામે ધ્યાને લેવા આંક-૧૭ ની પુરસીસથી જાહેર કરતા, આંક-૧૮ ના લીસ્ટથી નિ.૧૮/૧ થી નિ.૧૮/૧૦ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. જેમાં નિ.૧૮/૧ થી અરજદારની સારવારના પેપર્સની નકલ, નિ.૧૮/૨ થી સામાવાળાએ અરજદારને અકસ્માત અંગે આપેલ પ્રમાણપત્રની નકલ, નિ.૧૮/૩ થી અરજદારની ખોડ અંગે સરકારી હોસ્પિટલની નકલ, પોરબંદરે આપેલ પ્રમાણપત્રની નકલ, નિ.૧૮/૪ થી અરજદારનો ખોડ અંગેનુ પ્રમાણપત્રની નકલ, નિ.૧૮/૫ થી અરજદારના યુનીક ડીસએબીલીટી આઈડી કાર્ડની નકલ, નિ.૧૮/૬ થી અરજદારને મફત મુસાફરી કરવા અંગે જીલ્લા સમાજ સુરક્ષાએ આપેલ કાર્ડની નકલ, નિ.૧૮/૭ થી અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ, નિ.૧૮/૮ થી અરજદારના આધારકાર્ડની નકલ, નિ.૧૮/૯ થી અરજદારે સામાવાળાને આપેલ નોટીસની સ્થળપ્રત, નિ.૧૮/૧૦ થી સામાવાળાને નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ અસલ રજુ કરેલ છે. સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૪) હાલની અરજી પરત્વે અરજદાર તરફે વિ.વ.શ્રએ આંક-૧૪ થી લેખિત દલીલ તથા

આંક–૧૫ થી વિશેષ લેખિત દલીલ તેમજ આંક–૧૯ થી સામાવાળાની રજુઆત સામે લેખિત રજુઆત રજુ કરી તેમાં આંક–૧ માં જણાવેલ હકીકતો જણાવી વધુમાં રજુઆત કરેલ છે કે અરજદારે અકસ્માત તારીખથી ત્રણ વર્ષમાં દાવો દાખલ કરવો જોઈતો હતો પરંતુ અકસ્માતના કારણે અરજદારને થયેલ ઈજાઓની સારવાર ઘણા લાંબા સમય સુધી ચાલુ હોય તેમજ અરજદારના પરીવારમાં અરજદાર એકમાત્ર વહીવટકર્તા હોય અને તેઓને ૬૦% થી વધારે ખોડ હોય, કોર્ટ કચેરી કે વકીલોનો સંપર્ક કરી સમયસર નિર્ણય લેવામાં તેમજ સામાવાળા પાસે વળતરની અવારનવાર માંગણી કરતા સંસ્થાએ વ.કો.એકટ હેઠળ વીમા પોલીસી ધરાવે છે અને વળતરની કાર્યવાહી કરેલ તે પુરી થયે વળતરની રકમ મળી જશે તેવો વિશ્વાસ આપેલ અને ત્યારબાદ અરજદારને અત્યાર સુધી સામાવાળા સાથે સમાધાનના પ્રયત્નો ચાલુ હોવાના કારણે અરજી દાખલ કરવામાં વિલંબ થયેલ છે. સામાવાળા સંસ્થા દ્વારા વર્ષો જુના કામદાર તરીકે અરજદાર હોવા છતા તેઓને અકસ્માતમાં થયેલ ઈજાઓની સારવારનો ખર્ચ ચુકવવાનો ઈન્કાર કરેલ છે. સામાવાળા સંસ્થા દ્વારા વળતર ચુકવવાની જવાબદારીમાંથી છટકવા માટે વાંધા જવાબમાં ખોટી અને વિરોધાભાસી હકીકતો જણાવેલ છે. વધુમાં અરજદારને ૨૦૧૫ થી ઈએસઆઈનો લાભ મળેલ ત્યારબાદ સને ૨૦૨૦ થી ઈએસઆઈનો લાભ આપવાનુ બંધ કરતા તેની જાણ સામાવાળાને કરતા સામાવાળાએ વળતર ચુકવવાનો ઈન્કાર કરતા તેમજ છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી કોરોનાની મહામારીના કારણે પણ કોર્ટોની કાર્યવાહી બંધ રહેલી અને ત્યારબાદ કોર્ટો રેગ્યુલર ચાલવાની શરૂઆત થતા અરજી દાખલ કરતા તે કારણસર વિલંબ થયેલ છે. વધુમાં અરજદારની વિલંબ માફની અરજી જો મંજુર ન થાય તો અરજદારને પુરી ન શકાય તેવી આર્થિક ખોટ અને મૂશ્કેલી ઉભી થાય તેમ છે. અરજદારનુ તથા તેમના પરીવારનુ જીવન બેકાર બની જાય તેમ છે. વધુમાં સામાવાળા દ્વારા તેમને ઈ.એસ.આઈ.એકટ લાગુ પડતો હોવા અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. વધુમાં હાલના અકસ્માત વખતે ઈ.એસ.આઈ. સ્કીમ અમલમાં ન હતી. અરજદાર દ્વારા નોટીસ આપ્યા બાદ પણ સામાવાળા દ્વારા આવી

કોઈ હકીકત જણાવેલ નથી. એ રીતે ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની વિલંબ માફની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર તરફે તેમની દલીલના સમર્થનમાં ૨૦૦૦(૨) સીએલઆર પાન-૧૮ નો ચુકાદો રજુ કરેલ છે.

૪.૧) હાલની અરજી પરત્વે સામાવાળા તરફે વિ.વ.શ્રીએ આંક-૧૬ થી રજુ કરેલ લેખિત દલીલમાં આંક-૯ ના વાંધા જવાબમાં જણાવેલ હકીકતો જણાવી વધુમાં રજુઆત કરેલ છે કે સામાવાળા સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીઓને એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન હેઠળ આવરી લેવાયેલ સંસ્થા છે. જેથી સામાવાળા સંસ્થાને વ.કો.એકટ લાગુ પડતો ન હોય, હાલની અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી. વધુમાં અરજદારે હાલની અરજી કયા કાયદા હેઠળ, કેટલા દીવસો બાદ કરી વિલંબની ગણતરી કરેલ છે તેની કોઈ સ્પષ્ટતા અરજદારે અરજીમાં કરેલ નથી. વ.કો. એકટ હેઠળ કોઈપણ અકસ્માત થયાથી બે વર્ષમાં અરજદાર અરજી કરી શકે જયારે હાલના કેસમાં અરજદારે ૨૩૮૦ દીવસથી વધારે દીવસો બાદ હાલની અરજી કરેલ હોય, રદ થવા પાત્ર છે. વધુમાં અરજદારે અરજીની તમામ બાબતો પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી સમક્ષ સ્પષ્ટપણે સાબીત કરવી જોઈએ. અરજદારે કયારેય પણ અકસ્માત અંગેના કોઈ લેખિત દસ્તાવેજો કે નોટીસ કે અન્ય કોઈ લેખિત કે મૌખિક માંગણી કરેલ ન હોય તેમજ આવો કોઈ અકસ્માત સામાવાળા સંસ્થામાં બનેલ ન હોય, હાલની અરજી ખોટી રીતે દાખલ કરેલ છે. અરજદાર ધ્વારા કહેવામાં આવતા ૨૦૧૨ ના અકસ્માત બાદ પોરબંદર જીલ્લાના કારખાના નિરીક્ષકે સંસ્થાની મુલાકાત વારંવાર લીધેલ છે અને વીઝીટ બુક પણ લખેલ છે પરંતુ તેમાં કયાંય પણ કોઈ અકસ્માતનો ઉલ્લેખ કરેલ નથી. અરજદાર ઈએસઆઈ મેમ્બર હોવાથી તેઓએ કહેવાતા અકસ્માત અને બીમારી સબબ ખોટા દસ્તાવેજો બનાવી આશરે નવ લાખથી પણ વધુ રકમ ઈએસઆઈમાંથી મેળવેલ છે પરંતુ ત્યારબાદ કંપની ધ્વારા તેમજ ઈએસઆઈ ધ્વારા રકમ બંધ કરતા સંસ્થાને ખોટી રીતે હેરાન કરવા હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં અરજદારે બે વખત રજુ કરેલ લેખિત દલીલમાં આ અરજી કઈ કલમ કે કયા કાયદા હેઠળ કરેલ તેનો ઉલ્લેખ કરેલ નથી તેમજ અરજદારે રજુ કરેલ નામદાર સુપ્રિમ કોર્ટની

ઓથોરીટી હાલની અરજી સાથે સુસંગત ન હોય, હાલની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

(૫) અરજદારની અરજી તથા સામાવાળાના વાંધા જવાબ તેમજ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. આ કામે અરજદારે તેમની અરજીમાં જણાવેલ કથન લક્ષમાં લેતા, અરજદાર સામાવાળા સંસ્થામાં નેટ પ્લાન્ટમાં માસિક રૂા.૧૪,૭૫૦/- થી સતત અને સળંગ લાંબા સમયથી ફરજ બજાવતા હતા અને અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૩૦/૦૮/૨૦૧૨ ના રોજ નેટ પ્લાન્ટમાં રાતના ૨/૩૦ વાગ્યે ફરજ પર હતા ત્યારે ફીશીંગ ટવાઈનની બેગ તેમના પર પડતા ગંભીર ઈજા થતા સારવાર કરાવેલ અને અકસ્માતમાં થયેલ ઈજા અંગે સામાવાળા પાસે વળતરની વારંવાર માંગણી કરતા સામાવાળાએ વ.કો.એકટ હેઠળ વીમા પોલીસીની કાર્યવાહી ચાલુ હોય તે પુરી થયે વળતરની રકમ ચુકવી આપશે અને ત્યારબાદ અરજદારને ૨૦૧૫ થી ESIC તરફથી સારવાર વગેરેની રકમ મળેલ પરંતુ ૨૦૨૦ બાદ ESI ના લાભ ન મળતા જે અંગેની જાણ સામાવાળાને કરતા સામાવાળાએ વળતરની રકમ ચુકવવા ઈન્કાર કરતા અરજદારે વળતર માટે નોટીસ આપેલ તેમ છતા સામાવાળાએ વળતર આપેલ નહી. એ રીતે અરજદારે સામાવાળા ઉપર વિશ્વાસ રાખેલ અને અરજદાર કાયદાથી અજ્ઞાત હોય, વળતર અરજી દાખલ કરવા અંગેની સમય મર્યાદાની જાણ ન હોય તેમજ અકસ્માતના કારણે ઓચિંતા માનસિક દુ:ખત્રાસ આવતા તેમજ આર્થિક બોજો આવતા માનસિક સંતુલન ગુમાવેલ હોય, વળતરની અરજી દાખલ કરવામાં ૨૩૧૦ દીવસનો વિલંબ થયેલ હોય, અરજીમાં જણાવેલ કારણોસર વિલંબ માફ કરવા માટે કરેલ છે. અરજદારે રજુ કરેલ નિ.૧૮/૧ ના સારવારના પેપર્સ ધ્યાને લેતા, અકસ્માત થયા ત્યારબાદથી સને ૨૦૧૯ સુધી અરજદારે સારવાર કરાવેલ હોવાનુ જણાય છે તેમજ નિ.૧૮/૨ ના પત્ર મુજબ અરજદારને સામાવાળા સંસ્થામાં તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ અકસ્માત થયેલ અને તેમાં ગંભીર ઈજા થયેલ હોવાનુ સામાવાળાએ તા.૨૦/૧૦/૨૦૧૫ ના રોજ જાહેર કરેલ છે. નિ.૧૮/૪ થી રજુ

તા.૨૪/૮/૨૦૧૮ ના સર્ટીફીકેટ મુજબ અરજદારને ૬૦% કાયમી ખોડ રહેલ હોવાનુ જણાય છે. નિ.૧૮/૯ થી રજુ નોટીસ મુજબ અરજદારે હાલની અરજી કરતા અગાઉ સામાવાળાને વળતર ચુકવી આપવા વકીલ મારફતે તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ રજીસ્ટર્ડ એડીથી નોટીસ આપેલ જે નોટીસ સામાવાળાને મળી ગયેલ હોવાનુ જણાય છે.આમ, અરજદારે અરજી સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ઉપરથી અરજદારે તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ તેઓને થયેલ અકસ્માત અંગે લાંબા સમય સુધી દવાખાનામાં સારવાર કરાવેલ હોવાનુ અને તેમાં અરજદારને કાયમી ખોડ રહેલ હોવાનુ જણાય છે. વધુમાં સામાવાળાએ એવી તકરાર લીધેલ કે સામાવાળા સંસ્થાને ઈએસઆઈ કાયદો લાગુ પડતો હોય અને કામદાર વળતર ધારા લાગુ પડતો ન હોય કર્મચારી કે કામદારને થયેલ અકસ્માત અંગે તેઓ ઈએસઆઈ કોર્પોરેશન સમક્ષ દાદ માંગી શકે છે પરંતુ અકસ્માત તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ સામાવાળા સંસ્થાને ઈએસઆઈ લાગુ પડતો હોય તેવો સામાવાળાએ રેકર્ડ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી. અરજદારના જણાવ્યા પ્રમાણે તેઓને સને ૨૦૧૫ થી ઈએસઆઈનો લાભ મળેલ અને ત્યારબાદ સને ૨૦૨૦ થી બંધ થયેલ છે. એ રીતે અકસ્માત તારીખે સામાવાળા સંસ્થાને ઈએસઆઈ કાયદો લાગુ પડતો હતો કે કેમ ? તે પુરાવાનો વિષય છે. વધુમાં સામાવાળાએ એવી તકરાર લીધેલ કે અરજદારે હાલની અરજી કયા કાયદાની કઈ કલમ હેઠળ કરેલ છે તે જણાવેલ ન હોય અરજી રદ કરવા જણાવેલ છે પરંતુ અરજદારના જણાવ્યા પ્રમાણે તેઓ કાયદાના અજ્ઞાત હોવાથી અરજદારે હાલની અરજી કયા કાયદાની કઈ કલમ હેઠળ કરેલ તે ન જણાવવા માત્રથી અરજદારની અરજી રદ કરવાની સામાવાળાની રજુઆત માની શકાય નહી.

(૬) વધુમાં કામદાર વળતર ધારા મુજબ વળતર અરજી દાખલ કરવાની સમય મર્યાદા અંગે સદર કાયદાની ક.૧૦ ની જોગવાઈ ધ્યાને લેતા, તે નીચે મુજબ છે.

(૧) અકસ્માત થયા પછી શકય તેટલુ જલ્દી આ અધિનિયમમાં હવે પછી ઠરાવેલી રીતે અકસ્માતની નોટીસ આપવામાં આવી ન હોય તો અને વળતર માટેનો દાવો

અકસ્માત થયાના બે વર્ષની અંદર અથવા મૃત્યુ થયુ હોય તો મૃત્યુ થયાની તારીખથી બે વર્ષની અંદર કમિશ્નર સમક્ષ રજુ કરવામાં આવ્યો ન હોય તો, કમિશ્નર એ દાવો સ્વીકારી શકશે નહી.

વધુમાં નોટીસ આપી ન હોય અથવા તેમાં ખામી કે અનિયમસરતાના કારણે નીચેના સંજોગોમાં કોઈ હકક દાવો સ્વીકારવામાં બાધ આવશે નહી :

(ક) ....

(ખ) ....

વધુમાં આ પેટા કલમમાં ઠરાવ્યા પ્રમાણે યોગ્ય સમયમાં નોટીસ આપવામાં આવી ન હોય અથવા દાવો રજુ કરવામાં આવ્યો ન હોય તે છતા યથાપ્રસંગ, એ રીતે નોટીસ આપવા માટે અથવા દાવો ન કરવા માટે પુરતુ કારણ હતુ તેવી કમિશ્નરને ખાતરી થાય તો તે આવા પ્રસંગે, વળતર માટેનો હકક દાવો સ્વીકારીને નિર્ણય કરી શકશે.

**(૭)** આ કામે વિલંબ પરત્વે અત્રેની કોર્ટના ધ્યાન પર આવેલ વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ લક્ષમાં લેતા, ૧૯૮૭ (ર) જી.એલ.આર.૭૩ યુનીયન ઓફ ઈન્ડીયા વિ. શાંતીબાળા દેવીના ચુકાદામાં કાયદો સામાજીક અને આર્થીક ન્યાય આપવાનું સાધન છે ત્યારે હુકમ યોગ્ય હોવાનું ઠરાવેલ. વધુમાં,૧૯૯૩ એ.સી.જે. ૬૧ નગપતિ નેમ ઈમ્પોર્ટ એન્ડ એકસપોર્ટ કોર્પો. વિ. લક્ષ્મીના ચુકાદામાં અશિક્ષિત વિધવાને વળતર અરજી કરતા આઠ વર્ષનો વિલંબ તેના અશિક્ષિતપણાને કારણે અને સબંધીત સત્તાધિકારી પાસે રજુઆતો કરવામાં ગયેલો તે સમય માફ કરવા માટે પુરતુ કારણ હોવાનું ઠરાવેલ. વધુમાં, ર૦૦૦(ર) એલ.એલ.જે. પર૭ના ચુકાદામાં કમિશ્નર વળતર અરજી કરવામાં થયેલ વિલંબ ના કારણ પુરતાપણું હોવાનું ધ્યાને લઈ શકે. જેવુ કે, અશિક્ષિતપણું અને વિલંબ માફ કરી શકે. તે કેસમાં અશિક્ષિતપણાને પુરતું કારણ ઠરાવાયેલ.

વધુમાં આ અદાલતના ધ્યાન પર આવેલ ૨૦૧૧(૪) જી.એલ.આર.પાન-૩૩૭૨, મહેશભાઈ હરકીશનભાઈ બેલાણી વિ. સુલેમાન ઈશાક દુધાના ચુકાદામાં કામદારને તા.૧૧/૧૦/૯૬ ના રોજ માલીકને ત્યાં નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થતા તેને ગંભીર ઈજા થવાથી લાંબી સારવાર ચાલેલ અને કાયમી ખોડ રહેલ ત્યારબાદ કામદારે માંગવા છતા માલીકે વળતરની રકમ ચુકવી ન આપતા કામદારે વ.કો. અરજી નં.૪૬/૨૦૦૪ થી વિલંબ માફ કરવા કમિશ્નરશ્રી સમક્ષ અરજી કરેલ જે વ.કો.કમિશ્નરે મંજુર કરતા તેના હુકમ વિરૂધ્ધ માલીકે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતા, નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે...

> 13...... when sufficient cause for excusing delay is shown, the discretion is given to the Court to condone delay and that the discretion has been deliberately conferred on the Court so that the judicial power and discretion may be exercised to advance substantial justice. The discretion needs to be exercised in the way in which the judicial power and discretion ought to be exercised upon principles which are well understood and the words “sufficient cause”, receiving liberal construction so as to advance substantial justice when any inaction on want of bonafide is not imputable.

(૮) આમ, સદરહું રેકર્ડની હકિકત તેમજ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેતા, હાલના કેસમાં અરજદારને તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ સાામવાળા સંસ્થામાં નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ છે. તે અંગે અરજદારે અત્રેની અદાલત સમક્ષ તા.૨૩૧૦ દિવસનો વિલંબ માફ કરવા હાલની વિલંબ માફની અરજી તા.૧/૧/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ છે. આમ, અરજદારને તા.૩૦/૮/૨૦૧૨ ના રોજ અકસ્માત થયેલ હોય, અરજદારે ત્યારથી

બે વર્ષમાં એટલે કે તા.૩૦/૮/૨૦૧૪ સુધી વળતર અરજી કરવી જોઈતી હતી પરંતુ અરજદારે વળતર અરજી કરવા ૨૩૧૦ દીવસ વિલંબ થયેલ હોય, તે વિલંબ માફ કરવા તા.૧/૧/૨૦૨૧ ના રોજ હાલની અરજી કરેલ હોવાનુ જણાય છે. વધુમાં સામાવાળાએ અરજદારને અકસ્માત થયા બાદ વળતરની કોઈ રકમ ચુકવેલ નહી હોવાનુ જણાય છે. વધુમાં કામદાર વળતર ધારાની ક.૧૦ ની જોગવાઈ ધ્યાને લેતા, અકસ્માત થયા તારીખ કે મૃત્યુના કીસ્સામાં મૃત્યુ થયા તારીખથી બે વર્ષની અંદર વળતર માટેની અરજી કમિશ્નર સમક્ષ રજુ કરવી જોઈએ પરંતુ કામદાર બે વર્ષમાં વળતર અરજી ન કરવા માટે પુરતુ કારણ હતુ તેવી કમિશ્નરને ખાતરી થાય તેવુ કારણ બતાવે તો તેવા વળતર માટેનો દાવો કમિશ્નર સ્વીકારી શકશે. એ રીતે કામદાર વળતર ધારાની ક.૧૦ ની જોગવાઈ મુજબ વાજબી કારણ હોય તો અકસ્માત થયાના બે વર્ષ બાદ રજુ થયેલા વળતરના હકક દાવા સ્વીકારવાની વ.કો. કમિશ્નરને સતા રહેલી છે. અરજદારના જણાવ્યા પ્રમાણે તેઓને સામાવાળા સંસ્થામાં તા.૩૦/૦૮/૨૦૧૨ ના રોજ નોકરીની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતમાં થતા ગંભીર ઈજા થતા લાંબા સમય સુધી સારવાર કરાવેલ અને અકસ્માતમાં થયેલ ઈજા અંગે સામાવાળા પાસે વળતરની વારંવાર માંગણી કરતા સામાવાળાએ વ.કો.એકટ હેઠળ વીમા પોલીસીની કાર્યવાહી ચાલુ હોય તે પુરી થયે વળતરની રકમ ચુકવી આપશે તેવો વિશ્વાસ આપેલ અને ત્યારબાદ અરજદારને ૨૦૧૫ થી ESIC  તરફથી સારવારની રકમ મળેલ પરંતુ ૨૦૨૦ બાદ ESI ના લાભ ન મળતા જે અંગેની જાણ સામાવાળાને કરતા સામાવાળાએ વળતરની રકમ ચુકવવા ઈન્કાર કરતા અરજદારે વળતર માટે નોટીસ આપેલ તેમ છતા સામાવાળાએ વળતર ન આપતા, અરજદાર કાયદાથી અજ્ઞાત હોય અને વળતર અરજી દાખલ કરવા અંગેની સમય મર્યાદાની જાણ ન હોય તેમજ અકસ્માતના કારણે ઓચિંતા માનસિક દુ:ખત્રાસ આવતા તેમજ આર્થિક બોજો આવતા માનસિક સંતુલન ગુમાવેલ હોય, વળતરની અરજી દાખલ કરવામાં ૨૩૧૦ દીવસનો વિલંબ થયેલ હોય, વિલંબ માફ કરવા જણાવેલ છે. એ રીતે અરજદારની સારવાર લાંબી ચાલેલ હોય તેમજ અરજદાર કાયદાથી અજ્ઞાત હોય, હાલની અરજીમાં વિલંબ અંગે જણાવેલ કારણો

વાજબી હોવાનુ રેકર્ડ પરની હકિકતથી જણાય છે. વધુમાં કામદાર વળતર ધારાનો મુખ્ય હેતુ અકસ્માતમાં ઈજા પામનાર અને મૃત્યુ પામનાર કામદારના આશ્રિતોને મદદરૂપ થવાનુ છે તેમજ સામાવાળાએ સંસ્થાને ઈએસઆઈ કાયદો લાગુ પડતો હોવાની જે તકરાર લીધેલ છે તે પુરાવાનો વિષય છે. જેથી પક્ષકારોને પોતાનો કેસ રજુ કરવા પુરતી અને વાજબી તક મળવી જોઈએ અને કેસનો ગુણદોષ પર ન્યાયીક નિર્ણય થવો જોઈએ તેવો કાયદાનો તથા કુદરતી ન્યાયનો સિધ્ધાંત લક્ષમાં લેતા હાલની અરજી મંજુર કરવાનું ન્યાયોચીત જણાય છે. જેથી ઉપરોકત ચર્ચાના અંતે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-::આખરી હુકમ::-**

(૧) અરજદારની વ.કો.પરચુરણ અરજી નં.૧/૨૦૨૧ આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારને વર્કમેન કોમ્પે. નોન ફેટલ કેસ દાખલ કરવામાં થયેલ ૨૩૧૦ દિવસનો વિલંબ આથી માફ કરવામાં આવે છે અને **અરજદારની વળતર અરજી વર્કમેન કોમ્પે. નોન ફેટલ કેસ રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે.**

(૩) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદાર જો પોતાનો વળતર કેસ પુરવાર કરે તો અરજદાર સામાવાળા પાસેથી વળતર અરજી રજીસ્ટર થયા તારીખથી વ્યાજની રકમ મેળવવા હકકદાર બનશે.

(૪) અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૫) હુકમની જાણ બંને પક્ષકારોને કરવી.

હુકમ આજ તારીખ: ૩૧મી, માહે: માર્ચ, સને: ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૩૧/૦૩/૨૦૨૨

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ નં.૧,
જુનાગઢ. (જીજે.૦૧૦૩૧)